| કુલ ગુણ | ૧૦૦ |
|---|---|

# સિનિયર લેકચરર(વર્ગ-૨) ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER-3

| કેટેગરી |
|---|
| A |

A

પરીક્ષાની તારીખ: ૨૨/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય: સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક:

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

### પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

| | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર,સ્માર્ટ વોચ, પેજર,સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સુચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)**માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇપણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)**ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહી. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ-૧૦૦ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C અને D પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચારવિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>**ઉદાહરણ તરીકે :** ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહી જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEETમાં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય .<br>(A) (●) (C) (D) |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (NO NEGATIVE MARKING SYSTEM) |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી)નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પુરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલા ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

(1) RTE નિયમો - 2012 મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક કેટલા સમયમાં મળવી જોઈશે ?

(A) દર મહિને ઓછામાં ઓછી એક વખત (B) ત્રણ મહિનામાં ઓછામાં ઓછી બે વખત

(C) શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત (D) ત્રણ મિહનામાં ઓછામાં ઓછી એક વખત

(2) RTE નિયમો - 2012 મુજબ શાળા વિકાસ યોજનામાં આપેલ વિકલ્પો પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) માળખાકીય સગવડો અને સાધનસામગ્રીની પ્રત્યક્ષ જરૂરીયાતો

(B) વર્ગખંડમાં શિક્ષકો દ્વારા કરવાની થતી શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ

(C) દરેક વર્ષ માટે પ્રવેશ નોંધણીના વર્ગદીઠ અંદાજો

(D) મુખ્ય શિક્ષક, વિષય શિક્ષક, અંશકાલીન શિક્ષકની ત્રણ વર્ષથી વધુ મુદત માટે જરૂરીયાતો

(3) RTE - Act - 2009 મુજબ માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય શાળા સ્થાપવા માટે દંડની શું જોગવાઈ છે ?

(A) રૂપિયા એક લાખ સુધીનો દંડ અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં પ્રત્યેક દિવસ માટે રૂપિયા એક હજારનો દંડ

(B) રૂપિયા પચીસ હજાર સુધીનો દંડ અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં પ્રત્યેક દિવસ માટે રૂપિયા દસ હજાર સુધીનો દંડ

(C) રૂપિયા એક લાખ સુધીનો દંડ અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં પ્રત્યેક દિવસ માટે રૂપિયા દસ હજાર સુધીનો દંડ

(D) રૂપિયા એક લાખ સુધીનો દંડ અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં પ્રત્યેક દિવસ માટે રૂપિયા પચીસ હજાર સુધીનો દંડ

(4) એક જિલ્લામાં ભૂકંપના કારણે ભારે નુકશાન થયેલ હોઈ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ રાહત કામગીરીમાં રોકવામાં આવે છે. RTE - Act - 2009 સંદર્ભે ઉપરોક્ત બાબતે કયો વિકલ્પ સાચો ?

(A) આવી બિનશૈક્ષણિક હેતુ માટેની કામગીરી સોપવી યોગ્ય નથી.

(B) આ ફરજો સોપી શકાશે.

(C) ચૂંટણી અને વસ્તી ગણતરી સિવાયની કોઈ પણ ફરજ સોપી શકાશે નહિ.

(D) RTE - Act - 2009 માં આવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

(5) RTE નિયમો - 2012 મુજબ ખાસ તાલીમનો સમયગાળો કેટલી મુદત સુધીનો રહેશે ?

(A) ત્રણ માસથી વધુ નહિ (B) ત્રણ માસ

(C) એક થી ત્રણ માસ સુધીનો

(D) ત્રણ માસ સુધીનો રહેશે, જેને અધ્યયનની પ્રગતિના સામયિક મૂલ્યાંકનના આધારે લંબાવી શકાશે.

(6) RTE નિયમો - 2012 મુજબ, વર્ગખંડ માટે વપરાતો દરેક ખંડ, વિદ્યાર્થીદીઠ નિયત ન્યૂયનત ભોંયતળિયા ક્ષેત્રફળ ઉપરાંત, અધ્યાપન માટે વધારાનું કેટલા ચો. ફૂટ ક્ષેત્રફળ ધરાવતો હોવો જોઈએ ?

(A) 30 ચો. ફૂટ (B) 45 ચો. ફૂટ

(C) 120 ચો. ફૂટ (D) 60 ચો. ફૂટ

(7) RTE નિયમો - 2012 મુજબ રાજય સલાહકાર પરિષદમાં હોદ્દાની રૂએ સભ્યોમાં આપેલ વિકલ્પો પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) પ્રાથમિક શિક્ષણનો હવાલો ધરાવતા સચિવ (B) નિયામક, શાળાઓ

(C) નિયામક, GCERT (D) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

(8) "પ્રશ્નો બાળકોને વિચારવા પ્રેરે તેવા હોવા જોઈએ, નહિ કે ગોખી શકાય તેવા" મૂલ્યાંકન સંદર્ભે આ બાબતો RTE નિયમો - 2012 ના કયા નિયમ અંતર્ગત ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) નિયમ - 24 (B) નિયમ - 15 (1)

(C) નિયમ - 23 (D) નિયમ - 20

(9) RTE - Act - 2009 મુજબ આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) બાળકને શાળામાં પ્રવેશ માટે જન્મના પ્રમાણપત્ર સિવાય અન્ય પુરાવો માન્ય રહેશે નહિ.

(B) બાળકને શાળામાં પ્રવેશ માટે જન્મનું પ્રમાણપત્ર અથવા બીજા કોઈ દસ્તાવેજ જરૂરી છે. તે સિવાય પ્રવેશ આપી શકાશે નહિ.

(C) ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને પ્રવેશ માટે ઈન્કાર કરી શકાશે.

(D) ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને પ્રવેશ માટે ઈન્કાર કરાશે નહિ.

(10) RTE-Act-2009 મુજબ કોઈ શાળા બાળકને દાખલ કરતી વખતે માથાદીઠ ફી વસૂલે તો તે બાબતે શું જોગવાઈ છે ?

(A) વસૂલ કરેલી ફી ના દસ ગણા સુધીની રકમનો દંડ થઈ શકે.

(B) શાળા વિરુદ્ધ તપાસ કરી માન્યતા રદ કરવી.

(C) પચાર હજાર સુધીના દંડની જોગવાઈ છે.

(D) પ્રથમ ઉલ્લઘન બદલ પચીસ હજાર અને પછીના ઉલ્લઘન બદલ પચાર હજાર સુધીનો દંડ થઈ શકે.

(11) RTE - Act - 2009 અંતર્ગત, પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ નિયત કરવા કઈ બાબતો ધ્યાનમાં લેવાની રહે છે ?

(A) બાળકની શારીરિક અને માનસિક શક્તિનો સંપૂર્ણ વિકાસ

(B) સંવિધાનમાં દર્શાવેલ મૂલ્યો સાથે સુસંગતતા

(C) બાળકનો વ્યવસાયિક કૌશલ્ય વિકાસ

(D) બાળકના જ્ઞાન, ક્ષમતા અને બુદ્ધિશક્તિનું નિર્માણ

(12) RTE - Act - 2009 ની જોગવાઈઓ મુજબ રાજ્ય સલાહકાર પરિષદમાં કેટલા સભ્યો હોવા જોઈશે ?

(A) પંદર (B) વધુમાં વધુ પંદર

(C) ઓછામાં ઓછા પંદર (D) દસથી ઓછા નહિ અને પંદરથી વધુ નહિ

(13) RTE - Act - 2009 મુજબ કયો વિકલ્પ સાચો નથી ?

(A) ધોરણ 1 થી 5 માં દરેક ત્રીસ બાળકો સામે એક શિક્ષક મળવાપાત્ર છે.

(B) ધોરણ 1 થી 5 માટે કામકાજના ઓછામાં ઓછા બસો દિવસ નિયત કરવામાં આવેલ છે.

(C) શિક્ષક માટે અઠવાડિયામાં કામકાજના (તૈયારીના કલાક સહિત શીખવવાના) 45 કલાક નિયત કરવામાં આવેલ છે.

(D) છોકરા અને છોકરીઓ માટે અલગ ટૉઈલેટ હોવા જરૂરી છે.

(14) આર.ટી.ઈ. નિયમો - 2012 અંતર્ગત, પ્રાથમિક શિક્ષણનું પૂર્ણતા પ્રમાણપત્ર કેટલા સમયમાં આપવું જોઈએ ?

(A) પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યાના એક અઠવાડિયામાં

(B) પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યાના એક મહિનાની અંદર

(C) પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યાના પંદર દિવસની અંદર

(D) પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યાના ત્રણ માસની અંદર

(15) RTE - નિયમો - 2012 મુજબ, અધિનિયમ હેઠળના અધિકારોના ઉલ્લઘન અંગેની ફરિયાદ કરવા માટેની ચાઇલ્ડ હેલ્પ લાઈન કોણ શરૂ કરશે ?

(A) રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (B) GCERT

(C) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી (D) સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટરની કચેરી

(16) બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ માસિક નિભાવ ગ્રાન્ટનો દર, 6 થી 30 વર્ગ સુધીની શાળાઓ માટે શું છે ?

(A) રૂા. 3000 (B) રૂા. 2500

(C) રૂા. 1650 (D) રૂા. 2000

(17) વર્ગદીઠ નિભાવગ્રાન્ટની અવેજીમાં ફી વિકલ્પ લેતી બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ 9 અને 10 માટે વર્તમાનમાં ફી ના દર કયા છે ?

(A) ધોરણ 9 રૂા. 60, ધોરણ 10 રૂા. 70 (B) ધોરણ 9 રૂા. 35, ધોરણ 10 રૂા. 40

(C) ધોરણ 9 રૂા. 40, ધોરણ 10 રૂા. 45 (D) ધોરણ 9 રૂા. 80, ધોરણ 10 રૂા. 95

(18) બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળામાં સંગીત શિક્ષક તરીકેની લાયકાત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા વિનિયમમાં નિયત કરવામાં આવેલ છે ?

(A) વિનિયમ - 20 (3) (2) (B) વિનિયમ - 20 (4)

(C) વિનિયમ - 20 (7) (D) વિનિયમ - 20 (6) (1)

(19) યુનિવર્સિટીમાં પ્રૉફેસર માટેની પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે કોણ હોય છે ?

(A) ફેકલ્ટી ડીન (B) વાઈસ - ચાન્સલર (VC)

(C) હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ (HOD) (D) યુનિવર્સિટીના રજીસ્ટાર

(20) એસોસીયેટ પ્રૉફેસર માટેની સીધી ભરતીની લાયકાત તરીકે આપેલ વિકલ્પ પૈકી શું સુસંગત નથી ?

(A) આસીસ્ટન્ટ પ્રૉફેસર તરીકેનો શીખવવાનો / સંશોધનનો આઠ વર્ષનો અનુભવ

(B) લેક્ચર તરીકેનો પાંચ વર્ષનો અનુભવ

(C) 55 % કે તેથી વધુ ગુણ સાથે અનુસ્નાતક ડીગ્રી

(D) જે તે ક્ષેત્રમાં PhD ની લાયકાત

(21) યુનિવર્સિટીમાં આસીસ્ટન્ટ પ્રૉફેસરની ભરતીમો ઈન્ટરવ્યું માટે ઉમેદવારોની પસંદગી માટેની મેરીટ ગણતરીમાં Ph.D. નું ગુણાંકન કેટલું રાખવામાં આવેલ છે ?

(A) 30 (B) 10

(C) 7 (D) 15

(22) બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'જૂન શિક્ષક'ની ભરતી / બદલી અનુસંધાને આપેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ યોગ્ય નથી ?

(A) શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળમાં અગાઉ જૂના શિક્ષક તરીકે નિમણૂંક મેળવી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહિ.

(B) જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે બે વર્ષનો સમય બાકી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહિ.

(C) અનુદાનિત આશ્રમશાળાઓ (આદિજાતી કે સમાજકલ્યાણ વિભાગની) માં ફરજ બજાવતા શિક્ષકો અરજી કરી શકશે.

(D) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો 1967 માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યૂટરના ઉપયોગના પાયાની જાણકારી ધરાવનાર ઉમેદવાર જ અરજી કરી શકશે.

(23) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા વયમર્યાદા નિયત કરવામાં આવેલ છે. આ બાબતે આપેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) માધ્યમિક વિભાગ માટે 37 વર્ષ (B) ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે 37 વર્ષ

(C) માધ્યમિક વિભાગ માટે 38 વર્ષ (D) ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે 39 વર્ષ

(24) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકેનો હોદ્દો કોણ સંભાળે છે ?

(A) સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર (B) શિક્ષણમંત્રી

(C) અગ્રસચિવ, પ્રાથમિક અને માધ્યમિક (D) કમિશ્નર, શાળાઓ

(25) હાલમાં માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સરકારી અને ગ્રાન્ટેડ)માં શિક્ષણ સહાયકની ભરતી માટેના મેરીટની ગણતરીમાં વ્યવસાયિક લાયકાત (B.Ed.) ના ગુણને કેટલું વેઇટેજ આપવામાં આવેલ છે ?

(A) 05 ગુણ (B) 07 ગુણ

(C) 10 ગુણ (D) શૂન્ય

(26) દ્વિસ્તરીય શિક્ષક અભિરુચિ કસોટી (TAT) બાબતે આપેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો નથી ?

(A) આ કસોટી શિક્ષણ વિભાગના તા. 29-4-23 ના ઠરાવને અનુસરીને લેવામાં આવે છે.

(B) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમક બંને વિભાગ માટે અલગ અલગ કસોટી યોજવામાં આવે છે.

(C) તેમાં પ્રાથમિક પરીક્ષા 200 ગુણની MCQ સ્વરૂપની તેમજ મુખ્ય કસોટી 200 ગુણની વર્ણનાત્મક સ્વરૂપની છે.

(D) તેના મેરીટ લીસ્ટની માન્યતા પાંચ વર્ષ સુધીની રહેશે.

(27) બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતીની ફાયનલ મેરીટ યાદીમાં પસંદગી પામેલ ઉમેદવાર, આચાર્યની ખાલી જગ્યાઓવાળી શાળઆઓની યાદી પૈકીની વધુમાં વધુ કેટલી શાળાઓ પસંદ કરી શકશે ?

(A) 15 (B) 10

(C) અમર્યાદિત સંખ્યા (D) 1

(28) હાલમાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી શિક્ષણ વિભાગના કઈ તારીખના જાહેરાતના આધારે કરવામાં આવે છે ?

(A) તા. 12-09-2024 (B) તા. 01-08-2024

(C) તા. 15-09-2019 (D) તા. 15-11-2019

(29) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા વિનિયમમાં રજીસ્ટર થયેલી શાળામાં આચાર્યની નિમણૂંક માટેની લાયકાતો નિયત કરવામાં આવેલ છે ?

(A) વિનિયમ - 20 (1) (B) વિનિયમ - 20 (3)

(C) વિનિયમ - 20 (3) (4) (D) વિનિયમ - 21

(30) કૉલેજમાં આસીસ્ટન્ટ પ્રૉફેસરની ભરતી માટે ઉમેદવારી નોંધાવતા એક ઉમેદવારે અનુસ્નાતકની ડીગ્રી માં 72 % ગુણ મેળવેલ છે. ઈન્ટરવ્યૂ માટેની પસંદગી યાદીમાં સમાવેશ માટેના મેરીટની ગણતરીમાં આ ઉમેદવારને અનુસ્નાતકની લાયકાત માટેના કેટલા ગુણ પ્રાપ્ત થશે ?

(A) 20 (B) 25

(C) 18 (D) 23

(31) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ની કઈ અનુસૂચિમાં ખાનગી શાળાઓના સ્ટાફની નોકરીની શરતો નિર્દેશ કરવામાં આવેલ છે ?

(A) D (B) E

(C) F (D) G

(32) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 અનુસાર ટ્રિબ્યુનલ સાધારણ રીતે કેટલા સમયાંતરે મળે છે ?

(A) દરે બે મહિને (B) દર ત્રણ મહિને

(C) દર ચાર મહિને (D) દર છ મહિને

(33) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 મુજબ શાળા દરેક વર્ગમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે ?

(A) 35 (B) 30

(C) 40 (D) 45

(34) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 અનુસાર સામાન્ય વયપત્રકમાં દાખલ થયેલ નામ કે જન્મતારીખમાં ફેરફાર કરવાની સત્તા કોને છે ?

(A) સ્કૂલ બૉર્ડના અધ્યક્ષ (B) જિલ્લા શિક્ષણાધિકારી

(C) શાળાના આચાર્ય (D) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(35) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ના કયા નિયમ હેઠળ મુખ્ય શિક્ષકની ફરજોની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 70 (2) (B) 64

(C) 63 (D) 70 (3)

(36) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ની કઈ અનુસૂચિતમાં સ્કૂલ બૉર્ડના સભ્યોની ચૂંટણી માટેના નિયમો આપવામાં આવેલ છે ?

(A) અનુસૂચિ - ઢ (B) અનુસૂચિ - ચ

(C) અનુસૂચિ - ઘ (D) અનુસૂચિ - ગ

(37) એક ખાનગી પ્રાથમિક શાળા ધર્મના કારણોસર વિદ્યાર્થીને પ્રવેશની ના પાડે છે. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ - 1949 ના કયા નિયમનો શાળા ભંગ કરે છે ?

(A) નિયમ - 103 (B) નિયમ - 104

(C) નિયમ - 106 (D) નિયમ - 107

(38) કોઈ શાળા કાયમને માટે બંધ થાય, તો તે શાળાનું સામાન્ય રજીસ્ટર કોને સોંપવામાં આવે છે ?

(A) સ્કૂલ બૉર્ડને (B) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) જિલ્લા શિક્ષણાધિકારી (D) બી.આર.સી. કો-ઓર્ડિનેટર

(39) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ની કઈ કલમ હેઠળ વહીવટી અધિકારીને પ્રાથમિક સાળા સંબંધી ફરજો અદા કરવાનું જણાવેલ છે ?

(A) 02 (B) 03

(C) 04 (D) 05

(40) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમોમુજબ પ્રથમવાર શિક્ષણ સમિતિની બેઠક અધ્યક્ષની ચૂંટણી માટે મળે છે, ત્યારે અધ્યક્ષની ચૂંટણી ન થાય ત્યાં સુધી પ્રમુખ તરીકે સ્થાન કોણ લેશે ?

(A) જિલ્લા લોકલ બૉર્ડના પ્રમુખશ્રી (B) તાલુકા પંચાયતના પ્રમુખશ્રી

(C) જિલ્લા કલેક્ટરશ્રી (D) જિલ્લા વિકાસ અધિકારીશ્રી

(41) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 મુજબ શાળામાં બાળકની 30 દિવસ કરતા વધુ મુદત માટે હાજરીમાંથી માફી આપવાની અથવા ગેરહાજર રહેવા માટેની રજા કોણ આપી શકશે ?

(A) ફક્ત જિલ્લા સ્કૂલ બૉર્ડ (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) મદદનીશ શિક્ષણ નિરીક્ષક (D) શાળાના આચાર્ય

(42) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 મુજબ માન્ય ખાનગી શાળાઓને આપવાની ગ્રાન્ટ વહીવટી અધિકારી વિવેકાનુસાર કેટલા હપ્તામાં આપવી જોઈએ ?

(A) એક હપ્તામાં (B) બે હપ્તામાં

(C) ત્રણ હપ્તામાં (D) ચાર હપ્તામાં

(43) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો મુજબ કોઈ વિદ્યાર્થીની અથવા તેના પિતા અથવા માતાની અરજી ઉપરથી તે વિદ્યાર્થીને પહેલીવાર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જોઈએ તો તે માટે મુખ્ય શિક્ષકે કેટલી ફી લઈ આપવું જોઈએ ?

(A) પચીસ પૈસાની ફી (B) પચાસ પૈસાની ફી

(C) પાંચ રૂપિયાની ફી (D) કંઈ ચાર્જ લીધા વિના

(44) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 અનુસાર શિક્ષણ નિરીક્ષકની સત્તા અને તેમની ફરજો કયા નિયમ અંતર્ગત જોગવાઈ કરવામાં આવી છે ?

(A) નિયમ - 167 (B) નિયમ - 168

(C) નિયમ - 169 (D) નિયમ - 170

(45) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 અનુસાર મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીએ વાર્ષિક તપાસણી ઉપરાંત દર વર્ષે ઓછામાં ઓછી કેટલીવાર તેના બીટમાંની દરેક માન્ય શાળાની ઓચિંતી મુલાકાત લેવી જોઈએ ?

(A) ચાર વખત (B) ત્રણ વખત

(C) બે વખત (D) એક વખત

(46) જિલ્લા સ્કૂલ બૉર્ડના સભ્યોની મુદત બાબતે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) જિલ્લા બૉર્ડનું વિસર્જન કરવામાં આવે ત્યારે સભ્યોના હોદ્દાની મુદ્દત પૂરી થઈ છે તેમ ગણાશે.

(B) જિલ્લા લોકલ બૉર્ડની મુદત પૂર્ણ થયે સભ્યોના હોદ્દાની મુદત પૂર્ણ થયેલ ગણાશે.

(C) નવું સ્કૂલ બૉર્ડ રચવામાં આવે તે તારીખે સભ્યોના હોદ્દાની મુદ્દત પૂર્ણ થયેલ ગણાશે.

(D) જિલ્લા સ્કૂલ બૉર્ડને પદચ્યૂત કરવામાં આવે તે હકીકતના કારણે સભ્યોના હોદ્દાની મુદત પૂર્ણ થયેલ ગણાશે.

(47) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 અનુસાર દુર્વર્તન બદલ બૉર્ડના સભ્યને હોદ્દા પરથી દૂર કરવા કેટલા સભ્યોના ટેકાવાળી ભલામણ જરૂરી છે ?

(A) કુલ સભ્યોના $^2/_3$ જેટલા (B) કુલ સભ્યોના $^5/_3$ જેટલા

(C) કુલ સભ્યોના $^1/_3$ જેટલા (D) કુલ સભ્યોના $^1/_2$ જેટલા

(48) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની કઈ કલમ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે ?

(A) 40 (ક) (1) (B) 40 (1)

(C) 40 (2) (D) 40 (ક) (6)

(49) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ મુજબ ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા બાબતે નિયામકના નિર્ણયથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ કેટલી મુદતની અંતર રાજ્ય સરકારને અપીલ કરી શકશે ?

(A) નિર્ણયની જાણ કરવામાં આવે તે તારીખથી પંદર દિવસની અંદર

(B) નિર્ણયની જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની અંદર

(C) નિર્ણયની જાણ કરવામાં આવે તે તારીખથી છ મહિનાની અંદર

(D) નિર્ણયની જાણ કરવામાં આવે તે તારીખથી દસ દિવસની અંદર

(50) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો અનુસાર વહીવટી અધિકારીને હોદ્દા ઉપરથી દૂર કરવાની નોટીસ નિયામકને આપવા બાબતની જોગવાઈ કયા નિયમ અંતર્ગત થાય છે ?

(A) નિયમ - 21 (B) નિયમ - 40

(C) નિયમ - 46 (D) નિયમ - 63

(51) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949ના નિયમ 96 ના ખંડ (2) નીચેની નોંધ અન્વયે શાળાએ જવા લાયક ઉંમરના બાળકોની વસ્તી ગણતરી કરવા માટે વસ્તી ગણતરી કરનારાઓ અને દેખરેખ રાખનાર વસ્તી ગણતરી કરનારાઓને સૂચના એટલે અનુસૂચિ.....

(A) ચ (B) જ

(C) ત (D) દ

(52) જિલ્લા સ્કૂલ બૉર્ડમાં નિભાવવામાં આવતા સ્ટાફને બઢતી આપવાની, તેની બદલી કરવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) વહીવટી અધિકારી (B) સ્કૂલ બૉર્ડના અધ્યક્ષ

(C) ઉપાધ્યક્ષ (D) નિરીક્ષણ અધિકારી

(53) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 મુજબ ફરજિયાત શિક્ષણ યોજના લાગુ પડતી હોય તેવા બાળકને તેના શિક્ષણમાં દખલગીરી થાય તે રીતે જાણીબૂઝીને કોઈ વ્યક્તિ નોકરીએ રાખે તો તે વ્યક્તિ દોષિત ઠર્યેથી દંડની શું જોગવાઈ છે ?

(A) પંદર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલો (B) વીસ રૂપિયા કરતાં વધુ ન હોય તેટલો

(C) પચ્ચીસ રૂપિયા કરતાં વધુ ન હોય તેટલો (D) એક માસની જેલની સજા

(54) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 અનુસાર નીચે આપેલ વિધાન પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કલમ - 36 (1) (ખ) લઘુમતિ શિક્ષણ સંસ્થાને લાગુ પડે છે.

(B) કલમ - 38 લઘુમતિ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહિ.

(C) કલમ - 17 ના ખંડ 26 લઘુમતિ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહિ.

(D) કલમ - 34 (2) લઘુમતિ શિક્ષણ સંસ્થાને લાગુ પડે છે.

(55) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 અનુસાર બોર્ડમાં નીચે પૈકી હોદ્દાની રૂએ કયા સભ્યોનો સમાવેશ થાય છે ?

(A) સચિવ, રાજ્ય પરીક્ષા બોર્ડ

(B) સચિવ, જી.સી.ઈ.આર.ટી.

(C) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા અભિયાન

(D) ઉક્ત વિકલ્પ પૈકી એક પણ નહિ

(56) રજીસ્ટર થયેલી શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક મહત્તમ કેટલા વર્ષ સુધી લઈ શકાશે ?

(A) 10 વર્ષ (B) 05 વર્ષ

(C) 03 વર્ષ (D) 02 વર્ષ

(57) બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધી કોઈ નિયત દસ્તાવેજોની વિગતોના સંબંધમાં કરાવવામાં આવેલ તેટલી મુદત દરમિયાન વાજબી સંભાળ લેવામાં બેદરકારી બતાવે અને તેમાં દોષિત ઠરે તેવા સંજોગોમાં વ્યક્તિને શું સજા થઈ શકે ?

(A) મહત્તમ 5 વર્ષની કેદ અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ અથવા એ બંને

(B) 2 વર્ષ સુધીની કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા એ બંને

(C) 3 વર્ષથી ઓછી નહીં અને 5 વર્ષ સુધીની કેદ અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ

(D) 2 વર્ષ સુધીની કેદ અથવા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા એ બંને

(58) બોર્ડના અધિનિયમ અથવા વિનિયમ કે ઉપનિયમની કોઈ પણ જોગવાઈના અર્થઘટન સંબંધિત કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો.....

(A) બોર્ડના અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાય.

(B) બોર્ડના કારોબારી અધિકારીનો નિર્ણય આખરી ગણાય.

(C) બોર્ડના $^{1}/_{3}$ થી ઓછા ન હોય તેટલા સભ્યો રાજ્ય સરકારને પુછાણ માટેની માંગણી કરી શકે.

(D) બોર્ડની કારોબારી સમિતિનો નિર્ણય આખરી ગણાય.

(59) આચાર્ય, શિક્ષક કે અન્ય બિન શૈક્ષણિક કર્મચારીની ફરજ મોકૂફીનો અમલ ચાલુ રાખવા માટે સક્ષમ અધિકારીએ કેટલા દિવસમાં આવી ફરજમોકૂફીને બહાલી આપવાની થાય ?

(A) 30 દિવસની મુદતની અંદર (B) 45 દિવસની મુદતની અંદર

(C) 60 દિવસની મુદતની અંદર (D) 90 દિવસની મુદતની અંદર

(60) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમ રાજ્ય સરકારને શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીત માટેના નિયમો ઘડવાની સત્તા મળેલ છે ?

(A) 35 (B) 17

(C) 23 (D) 34

(61) બૉર્ડના અભિપ્રાય પ્રમાણે શિક્ષણ ક્ષેત્રે નિષ્ણાત વ્યક્તિને અથવા કોઈ સરકારી અધિકારીને જે વિષય સાથે તે નિષ્ણાત કે અધિકારી સંબંધ ધરાવતો હોય તે વિષય, એવી બેઠકમાં ચર્ચા-વિચારણા માટે આવે તો નીચે આપેલામાંથી બેઠકમાં હાજરી આપવા માટે નિમંત્રણ આપવાની સત્તા કોની છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ

(B) રાજ્ય સરકાર

(C) શિક્ષણ મંત્રી

(D) સમિતિના વિષય નિષ્ણાત

(62) અધિનિયમ - 1972 અનુસાર "ઉપ-નિયમો" એટલે કઈ કલમ હેઠળ બૉર્ડ કરેલા ઉપ નિયમો ?

(A) કલમ - 53 (B) કલમ - 55

(C) કલમ - 57 (D) કલમ - 58

(63) પરીક્ષાઓના સંચાલન માટે અને રજિસ્ટર થયેલી શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને લઈ જવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેના ધોરણો નક્કી કરવાની જોગવાઈ નીચેનામાંથી અધિનિયમની કઈ કલમથી નિયત કરવામાં આવેલ છે ?

(A) કલમ - 31 (10) (B) કલમ - 17 (16)

(C) કલમ - 33 (6) (D) કલમ - 17 (10)

(64) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક 2020 અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 માં દર્શાવ્યા મુજબ વર્ગ 'ક' હોદ્દાની રૂએ સભ્યોમાં સમાવિષ્ટ સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) અધ્યક્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ (B) રાજ્ય પરિયોજના નિયામક, સમગ્ર શિક્ષા અભિયાન

(C) સચિવ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ (D) ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગુજરાત રાજ્ય

(65) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના નાયબ અધ્યક્ષ કેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે ?

(A) 5 વર્ષ સુધી (B) સરકારની મરજી હોય ત્યાં સુધી

(C) 3 વર્ષ સુધી (D) 10 વર્ષથી વધુ નહિ

(66) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધી ગોપનીયતાના ભંગ બદલ દોષિત ઠરેલ વ્યક્તિને સુધારેલ જોગવાઈ મુજબ કેટલી સજા થઈ શકે ?

(A) ત્રણ વર્ષથી ઓછી ન હોય તેવી કેદ અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(B) એક વર્ષ સુધીની કેદ અથવા બસો રૂપિયા દંડ અથવા બન્ને

(C) બે વર્ષથી ઓછી ન હોય તેવી કેદ અથવા પાંચસો સુધીનો દંડ અથવા બન્ને

(D) બે વર્ષ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(67) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના કોઈ પણ સંચાલકે શૈક્ષણિક વર્ષ દરમિયાન કોઈ પણ સમયે અને જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી કેટલા સમય અગાઉ બૉર્ડને લેખિતમાં જાણ કરવી જોઈએ ?

(A) ચાર મહિના (B) આઠ મહિના

(C) છ મહિના (D) ત્રણ મહિના

(68) અધિનિયમ - 1972 ની કઈ કલમ અંતર્ગત બૉર્ડે રાજ્ય સરકાર ફરમાવે તેવા અહેવાલ, પત્રકો અને નિવેદનો અને બૉર્ડના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત સંબંધી માહિતી પૂરી પાડવી જોઈશે ?

(A) કલમ - 45
(B) કલમ - 47
(C) કલમ - 48
(D) કલમ - 58

(69) અધિનિયમ - 1972 ની કઈ કલમમાં નિહિત થયેલ છે કે પોતાનાં કાર્ય બજાવવા માટે બૉર્ડ પોતાના સભ્યોમાંથી વિવિધ સમિતિ નીમી શકશે ?

(A) કલમ - 17 (1)
(B) કલમ - 6 (10)
(C) કલમ - 14 (1)
(D) કલમ - 18 (1)

(70) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 નું પ્રકરણ-3 કઈ બાબતને લગતું છે ?

(A) બૉર્ડની રચના, તેનું સંસ્થાપન અને સત્તા
(B) નાણાં, હિસાબ અને ઓડિટ
(C) ગુના અને શિક્ષા
(D) રજિસ્ટ્રેશન

(71) કોઈ એક માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 672 છે. આ શાળામાં કેટલા મુખ્ય કારકુન મળવાપાત્ર થાય ?

(A) 03
(B) 02
(C) 01
(D) 00

(72) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનયમો, - 1974 અનુસાર કોઈ શાળામાં વિદ્યાર્થીઓની નિયત સંખ્યામાં ઘટાડો થતાં.....

(A) શાળા સંચાલક વર્ગોની સંખ્યામાં ઘટાડો કરશે.
(B) જે તે વર્ગોમાં આપો આપ ઘટાડો થશે.
(C) શાળા સંચાલક શૈક્ષણિક સ્ટાફમાં ઘટાડો કરી શકશે.
(D) શાળા સંચાલક શૈક્ષણિક વર્ષ શરૂ થયા બાદ 01 માસ સુધીમાં વર્ગ ઘટાડાની દરખાસ્ત કરશે.

(73) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર ગ્રામ્ય વિસ્તારમાં નવી શાળા શરૂ કરવા લઘુત્તમ કેટલા ક્ષેત્રફળનું મેદાન હોવું જરૂરી છે ?

(A) 1500 ચો.મી.
(B) 1200 ચો.મી.
(C) 1000 ચો.મી.
(D) 800 ચો.મી.

(74) બૉર્ડના સભ્યોની પસંદગી અર્થે યોજવામાં આવતી ચૂંટણીમાં ચૂંટાવા માંગતા ઉમેદવારના ઉમેદવારીપત્રનો અસ્વિકાર કરવામાં આવ્યો હોય તો ઉમેદવાર કોને અપીલ કરી શકે છે ?

(A) સચિવશ્રી, ગુ.મા.ઉ.મા.શિ. બૉર્ડ
(B) અધ્યક્ષશ્રી, ગુ.મા.ઉ.મા.શિ. બૉર્ડ
(C) નિયામકશ્રી, શાળાઓની કચેરી
(D) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ

(75) ગુ.મા.ઉ.મા.શિ. વિનિયમ - 1974 અનુસાર નીચેનામાંથી કયો દસ્તાવેજ બે વર્ષ સુધી જાળવવાનો હોય છે ?

(A) વિદ્યાર્થીઓનું માસિક હાજરી રજીસ્ટર
(B) આવક-જાવક રજીસ્ટર
(C) આચાર્યની લોગબુક
(D) કર્મચારીના પગારબિલની ફાઈલ

(76) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા નોંધણી રજીસ્ટરમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(A) શાળાનો પ્રકાર (B) શાળા નોંધણી કર્યાની તારીખ

(C) સચિવનું નામ અને સહી (D) શાળાને BUP મળ્યા તારીખ

(77) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા પરિશિષ્ટમાં વિશિષ્ટ શિક્ષકની લાયકાતની વિગતો દર્શાવવામાં આવેલ છે ?

(A) પરિશિષ્ટ - 6 (B) પરિશિષ્ટ - 7

(C) પરિશિષ્ટ - 5 (D) પરિશિષ્ટ -4

(78) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર 20 થી ઓછા વર્ગ ધરાવતી શાળાના સુપરવાઇઝરે ઓછામાં ઓછું કેટલા કલાક શૈક્ષણિક કામ હાથ ધરવું જોઈશે ?

(A) 18 કલાક (B) 12 કલાક

(C) 10 કલાક (D) 21 કલાક

(79) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર નીચે પૈકી કયો દસ્તાવેજ / રેકર્ડ કાયમી રેકર્ડ નથી ?

(A) નાણાકીય લેવડ-દેવડના વાઉચરો (B) PF ના ખાતાનું રજીસ્ટર

(C) શિક્ષકોના ખાનગી ટ્યુશનનું રજીસ્ટર (D) બીજી શાળામાંથી મળેલ શાળા છોડવાના પ્રમાણપત્રો

(80) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર કોઈ એક માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા કેટલા વર્ગો હોય તો Computer શિક્ષકની નિમણૂક થઈ શકે ?

(A) 08 વર્ગો (B) 06 વર્ગો

(C) 04 વર્ગો (D) 10 વર્ગો

(81) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા વિનિયમમાં માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષકની લઘુત્તમ લાયકાત દર્શાવવામાં આવેલ છે ?

(A) 20 (8) (1) (B) 20 (8) (2)

(C) 20 (3) (2) (ખ) (1) (D) 20 (3) (1) (ખ) (1)

(82) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર પાળી પદ્ધતિ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) પાળી પદ્ધતિથી ચાલતી શાળાઓમાં શિક્ષણના કલાક દર અઠવાડીયે 27 કલાક હોય છે.

(B) દરેક પાળી માટે સ્વતંત્ર અને પૂર્ણકાલિન સ્ટાફ હોવો જોઈએ.

(C) પાળી પદ્ધતિની પરવાનગી જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આપવામાં આવે છે.

(D) જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આપવામાં આવતી પાળી પદ્ધતિની મંજૂરી વર્ષો વર્ષ ચાલુ રહે છે.

(83) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર રજીસ્ટર થયેલી શાળાઓએ શૈક્ષણિક વર્ગમાં ઓછામાં ઓછા કેટલા દિવસનું શિક્ષણ આપવું જોઈશે ?

(A) 230 દિવસ (B) 240 દિવસ

(C) 190 દિવસ (D) 260 દિવસ

(84) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ખોટું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કરી પ્રવેશ મેળવ્યો હોય તો વિનિયમની કઈ જોગવાઈ અનુસાર પ્રવેશ બિન અમલી ગણાય ?

(A) 12 (ગ) (3) (B) 12 (09) (ક)

(C) 12 (11) (ક) (D) ઉક્ત પૈકી એક પણ નહીં

(85) રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વૅકેશનના દિવસો સહિત રજા દિવસોની વધુમાં વધુ સંખ્યા કોઈ પણ સંજોગોમાં રવિવાર અને અર્ધી રજાના દિવસો બાદ કરતાં કેટલા દિવસ કરતાં વધવી જોઈએ નહીં ?

(A) 40 દિવસ (B) 45 દિવસ

(C) 70 દિવસ (D) 80 દિવસ

(86) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો મુજબ નોંધાયેલી શાળાને સ્થળ ફેરફારની મંજૂરી શાળાના સમગ્ર જીવનમાં કેટલીવાર આપવામાં આવે છે ?

(A) ફક્ત એક જ વાર (B) ફક્ત બે જ વાર

(C) ફક્ત ત્રણ જ વાર (D) ફક્ત પાંચ જ વાર

(87) વિનિયમ પ્રમાણે પૂર્ણકાલીન શિક્ષકે વિરામનો સમય બાદ કરતાં દર અઠવાડિયે ઓછામાં ઓછા કેટલા કલાક ખરેખર શૈક્ષણિકકામ કરવું જોઈએ ?

(A) 21 કલાક (B) 24 કલાક

(C) 27 કલાક (D) 30 કલાક

(88) વિનિયમ મુજબ રજિસ્ટર થયેલી શાળાના આચાર્યે શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર, અરજી મળ્યાથી મોડામાં મોડા કેટલા દિવસમાં આપી દેવું જોઈએ ?

(A) ત્રણ દિવસ (B) સાત દિવસ

(C) પંદર દિવસ (D) વીસ દિવસ

(89) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, અનુસાર "શાળા વર્ષ" એટલે શું ?

(A) દર વર્ષે જાન્યુઆરી મહિનાથી શરૂ થતું શૈક્ષણિક વર્ષ

(B) દર વર્ષે કારતક મહિનાથી શરૂ થતું શૈક્ષણિક વર્ષ

(C) દર વર્ષે એપ્રિલ મહિનાથી શરૂ થતું શૈક્ષણિક વર્ષ

(D) દર વર્ષે જૂન મહિનાથી શરૂ થતું શૈક્ષણિક વર્ષ

(90) નોંધાયેલી બિનસરકારી ગ્રાન્ટ-ઇન-એઇડ (અનુદાનીત) માધ્યમિક શાળાના મકાન ફેરફાર માટે બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરવાની સત્તા કોની રહેશે ?

(A) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ

(B) બૉર્ડની કારોબારી સમિતિની

(C) શિક્ષણ વિભાગની

(D) નિયામકશ્રી, શાળાઓની કચેરીની

(91) બૉર્ડના સેક્રેટરીએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું નોંધણી રજીસ્ટર કયા વિનિયમ મુજબ નિભાવવાનું રહે છે ?

(A) વિનિયમ - 7 (2) (B) વિનિયમ - 9 (9)

(C) વિનિયમ - 10 (1) (D) વિનિયમ - 17 (4)

(92) વિનિયમો મુજબ રજિસ્ટર થયેલ શાળાએ દરેક વિદ્યાર્થીની કેટલા સમયગાળામાં તબીબી તપાસ હાથ ધરવી જોઈએ ?

(A) શૈક્ષણિક વર્ષમાં બે વખત (B) શૈક્ષણિક વર્ષમાં એક વખત

(C) માત્ર શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં (D) બે શૈક્ષણિક વર્ષમાં એક વખત

(93) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - 1974 ના કયા વિનિયમ અનુસાર શિક્ષક પ્રોક્ષીમાં જશે અને વર્ગમાં શૈક્ષણિક પ્રવૃત્તિ કરશે ?

(A) વિનિયમ - 27 (9) (1), (3) (B) વિનિયમ - 27 (9), (5), (15)

(C) વિનિયમ - 27 (9), (5), (17) (D) વિનિયમ - 27 (9), (5), (19)

(94) રજિસ્ટર ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને મોટી શિક્ષા કરવા રચાયેલ તપાસ સમિતિમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) શાળાના આચાર્ય (B) સંબંધિત શાળાના સંચાલક મંડળના પ્રતિનિધિ

(C) સંબંધિત કર્મચારીએ નિયુક્ત કરેલ પ્રતિનિધિ (D) બૉર્ડ તૈયાર કરેલ પેનલના પ્રતિનિધિ

(95) જિલ્લા શિક્ષણાધિકારી શાળાના અનુદાનમાં મહત્તમ કેટલા ટકા જેટલી રકમ કપાત કરી શકે છે ?

(A) 100 % (B) 50 %

(C) 10 % (D) 25 %

(96) શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્ર બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) એક વર્ષની અંદર LC માંગવામાં આવે તો શાળા છોડ્યાના પ્રમાણપત્ર માટે કોઈ ફી લઈ શકાશે નહીં.

(B) આચાર્યની ગેરહાજરીમાં સંચાલક મંડળે અધિકૃત કરેલ અને જિલ્લા શિ. અધિકારીએ મંજૂર રાખેલ વ્યક્તિ LC પર સહી કરી શકાશે.

(C) LC ની નોંધ હસ્તલિખિત હોવી જોઈએ.

(D) LC ની બીજી નકલ માટે રૂા. 1.00 ની ફી લઈ શકાય છે.

(97) જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બે પાળીમાં શાળા ચલાવવાની મંજૂરી કેટલા સમય સુધી આપી શકે ?

(A) એક સત્ર માટે આપી શકે (B) એક વર્ષ માટે આપી શકે

(C) બે વર્ષ માટે આપી શકે (D) વર્ષો વર્ષ માટે આપી શકે

(98) અનુદાન નિયમ સંગ્રહ - 1964 અનુસાર જિલ્લા શિક્ષણાધિકારીને ઉપરની મર્યાદાથી વધારે કેટલા ટકા સુધીની વધારાના પ્રવેશની પરવાનગીની સત્તા છે ?

(A) 5 % (B) 10 %

(C) 15 % (D) 20 %

(99) અનુદાન નિયમ સંગ્રહ - 1964 અનુસાર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને દૈનિક મહત્મ કેટલા કલાકનું ગૃહકાર્ય આપવાની જોગવાઈ છે ?

(A) ત્રણ કલાક (B) એક કલાક

(C) અઢી કલાક (D) બે કલાક

(100) ધોરણ 9 થી 12 ના એક-એક વર્ગ ધરાવતી શાળાને વાર્ષિક કેટલું અનુદાન મળવાપાત્ર થાય છે ?

(A) 79,200 (B) 1,20,000

(C) 1,44,000 (D) 1,15,200